# અડાલજના અક્ષર કોમ્પ્લેક્ષમાં જવેલર્સની દુકાનનું તાળું તુટયું

## સોના-ચાંદીના દાગીના સહીત ૪૫ હજારની મત્તાનો સફાયો

ગાંધીનગર, તા.૯

અડાલજમાં સ્થિત અક્ષર કોમ્પ્લેક્ષમાં સ્થિત જવેલર્સની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૪૫ હજારની મત્તાનો સફાયો કર્યો હોવાની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાલજ ખાતે અક્ષર કોમ્પ્લેક્ષમાં સ્થિત પુષ્પમ જવેલર્સ નામની દુકાનમાં તા. ૭ થી ૯ જુલાઈ દરમિયાન તસ્કરો ત્રાટકયા હતા. ચોર ઈસમોએ દુકાનનું શટર વચ્ચેના ભાગેથી બેન્ડ કરી દુકાનના આગળના ભાગની લોખંડની જાળીનું તાળું તોડી નાંખ્યું હતું. ત્યારબાદ દુકાનની અંદર પ્રવેશ કરીને તસ્કરોએ સોના-ચાંદીના કિંમતી દાગીના ફંફોસ્યા હતા. આ દરમિયાન ચોર ઈસમોએ સોનાની કડીઓ, નથણીઓ અને ચુની ઉપરાંત ચાંદીના ઝુડા, લક્કી અને ગ્લાસ સહિતના દાગીના મળી કુલ રૂ. ૪૫ હજારની મત્તાની ચોરી કરી હતી. બનાવ સંદર્ભે અડાલજમાં પંચાલવાસમાં રહેતા મનોજ વિષ્ણુભાઈ પંચાલે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર એ.એમ. પરમારે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ પડતર પ્રશ્નો માટે ધરણા યોજશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય શૈક્ષણિક તથા વહીવટીય સંઘ સંકલન સમિતિની ગત રોજ આચાર્ય સંઘના ભવન, ગાંધીનગર ખાતે બેઠક મળી હતી. જેમાં પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

પડતર પ્રશ્નો ન ઉકેલાતા ગુજરાતના શૈક્ષણિક તેમજ વહીવટીય કર્મચારીઓમાં ભારે અસંતોષની લાગણી ઉદભવી છે. જેના ફળ સ્વરૂપે ગાંધીનગરમાં ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક મળી હતી. સમગ્ર બેઠકમાં આંદોલનનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. ૧૫મી જુલાઈથી ૨૨મી જુલાઈ સુધી દરેક જિલ્લામાં સંકલન સમિતિની કારોબારીની બેઠક યોજાશે. અને તેમાં આંદોલન બાબતે જાગૃતિ લાવવામાં આવશે. ૧લી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ ચારેય સંઘોની સંકલન સમિતિ દ્વારા જિલ્લા કક્ષા ડી.ઈ.ઓ. કચેરી સમક્ષ ૩ થી ૬ ધરણાનો કાર્યક્રમ યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. બાકીના કાર્યક્રમો ૧૬મી ઓગષ્ટના રોજ સંકલન સમિતિની પુનઃ યોજાનાર બેઠકમાં આશ્ચર્યજનક કાર્યક્રમ અને ભાવિ કાર્યક્રમની રૂપરેખા સાથે તૈયાર કરાશે એમ ગુજરાત રાજય આચાર્ય સંઘના પ્રમુખ દિનેશભાઈ ચૌધરી, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું છે.

# દર વર્ષની જેમ ‘વૃક્ષ યાત્રા’ કરવા નગરજનોની માગ

ગાંધીનગર, તા.૯

વન વિભાગ દ્વારા પ્રતિ વર્ષ ચોમાસામાં જુલાઈ માસના બીજા અઠવાડિયાના શનિ-રવિવારે વૃક્ષયાત્રા યોજાય છે. નગરજનો વન વિભાગ દ્વારા યોજાતી આ વૃક્ષ યાત્રામાં થતા નિઃશુલ્ક રોપ વિતરણમાં ભાગ લઈ વૃક્ષ ઉછેર કરે છે. દર વર્ષની જેમ યોજાતી વૃક્ષ યાત્રા આ વર્ષે પણ યોજાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

સામાન્યતઃ દર વર્ષે જુલાઈ માસના પહેલા કે બીજા અઠવાડિયામાં વર્ષા રાણીનું આગમન થઈ ગયું હોય છે. આ સમયમાં વન વિભાગ દ્વારા રોપ વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે વરસાદ પાછો ખેંચાયો છે ત્યારે વનશ્રી ટ્રસ્ટ તથા અન્ય પ્રકૃતિ પ્રેમી નગરજનોની લાગણી અને માંગણી છે કે આ વર્ષે પણ વન વિભાગ દ્વારા તા. ૧૪-૧૫ જુલાઈ દરમિયાન ‘વૃક્ષ યાત્રા’નું આયોજન કરવામાં આવે! વન વિભાગ દ્વારા વહેંચાયેલા રોપા નગરજનો પોતાના ઘર પાસે વાવે છે અને પોતે પાણી પાઈને ઉછેરે છે. વૃક્ષ પ્રેમીઓની આ લાગણીને સાનુકૂળ પ્રતિભાવ આપવા નગરજનોની માંગ છે.

# શ્રાવણ લઘુ રૂદ્રાભિષેકના આયોજન જોગ

ગાંધીનગર, તા. ૯

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર તરફથી દર વર્ષની જેમ આગામી શ્રાવણ માસ દરમ્યાન મંડળના ઉપક્રમે લઘુ રૂદ્રાભિષેકનું આયોજન થાય છે. જે સભ્યોને લાભ લેવો હોય તો તિથિ તારીખ વગેરે વિગત માટે રવિન્દ્રભાઈ દવે ૯૨૪૮૦ ૧૭૭૯૫, રમણિકભાઈ વ્યાસ ૯૯૦૪૧ ૬૩૩૫૫, બાબુભાઈ શર્મા ૯૪૨૮૦ ૧૭૭૧૩, રૂદ્રાભિષકે મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ જાની એ જણાવેલ છે.

# આત્મન્ ફાઉન્ડેશનના હોદ્દેદારો નીમાયા

ગાંધીનગર, તા. ૯

સેવા અને બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત આત્મન્ ફાઉન્ડેશનના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી છે.



જેમાં પ્રમુખ તરીકે સી. એલ. મહેતા, ઉપપ્રમુખ તરીકે જગત કારાણી, મંત્રી તરીકે જયશ્રીબેન ખેતીયા, સહમંત્રી તરીકે તુષાર દવે, કોષાધ્યક્ષ તરીકે તુષાર ઠક્કર, સંયોજક તરીકે હસમુખ મેકવાન, મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પ્રજ્ઞા પટેલ અને કારોબારી સભ્યો તરીકે રેખા બી. ભટ્ટ, મૌલિક દવે, સુધા શુકલ, મમતાબેન રાવલ, સંજય થોરાત, કમલેશ જોષી. ડૉ. સંજયભાઈ તથા સલાહકાર તરીકે એચ.બી.વરીયા, ભરત કવિ, એચ. બી. ઉપાધ્યાય અને ડૉ. કલ્યાણસિંહ ચંપાવતની વરણી કરવામાં આવી છે.

# વિસનગરા નાગર પરિવાર દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત શ્રાવણ માસમાં યોજાશે

ગાંધીનગર, તા. ૯

વિસનગર નાગર પરિવાર ગાંધીનગર દ્વારા શ્રાવણ માસમાં શિવમહિમ્ન સ્ત્રોતનું આયોજન કરવામાં આવેલ છે. શ્રાવણ માસના દર સોમવાર, રવિવાર, અમાસે રાત્રે શિવ મહિમ્ન સ્ત્રોત રાખવામાં આવે છે. જે સભ્યોને પોતાના ઘરે શિવ મહિમ્ન સ્ત્રોત રાખવાની ઈચ્છા હોય તો તા. ૧૫મી જુલાઈ સુધીમાં નામ નોંધાવવા જણાવવામાં આવે છે. શ્રાવણ માસમાં ધાર્મિક પ્રવાસનું આયોજન પણ કરેલ છે. સુભાષભાઈ ભટ્ટને પાસે નામ નોંધાવાના રહેશે. ઉપરોક્ત માહિતી માટે પરિવારના પ્રમુખ પ્રમોદચંદ્ર મહેતા, મહામંત્રી મહેશભાઈ રાવલનો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

# ઠગાઈ કેસમાં ૨૦૦૫થી ફરાર આરોપી ઝડપાયો

અમદાવાદ, તા.૯

નવરંગપુરા વિસ્તારમાં આવેલી બેન્ક સાથે ઠગાઈ કરવાના ગુનામાં વર્ષ ૨૦૦૫માંથી નાસતો-ફરતો આરોપીને પોલીસ કમિશનર સ્કવૉડે ઝડપી પાડ્યો છે. સઘન પૂછપરછમાં તેણે નવરંગપુરા ઉપરાંત એલીસબ્રિજ ઉપરાંત ખાડીયા ખાતે પણ બેન્ક સાથે ઠગાઈ કર્યાની કબુલાત કરી છે. વિગતએવી છે કે પોલીસ કમિશનર સ્કવૉડના ઈન્ચાર્જ પીએસઆઈ આર.આર. ત્રિપાઠી અને ટીમના માણસોએ બાતમીના આધારે પ્રજ્ઞેશ રસીકલાલ ઠાકરને ઝડપી પાડ્યો હતો. તે નવરંગપુરા પોલીસ મથકમાં બેન્ક સાથે ઠગાઈ કરવાના ગુનામાં વર્ષ ૨૦૦૫થી નાસતો ફરતો હતો. પોલીસે તેની સઘન પૂછપરછ કરતાં તેણે એલિસબ્રિજ ખાડીયામાં પણ બેંક સાથે ઠગાઈ કર્યાની કબુલાત કરી હતી.



અનેકવાર તંત્ર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી હોવા છતાં કચરો જાહેરમાં બાળવાની પ્રવૃત્તિ શહેરમાં અટકતી જ નથી. કચરાના ઢગ જુએ ત્યાં વસાહતીઓ આગચંપી કરે છે. (તસવીર : દિપક જાની)

# તાલુકા ભાજપ યુવા મોરચાના મંત્રી પ્રજ્ઞેશ પટેલનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકા ભાજપ યુવા મોરચાના મંત્રી શ્રી પ્રજ્ઞેશ પટેલે આજે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલને પોતાનું સમર્થન જાહેર કરેલ છે.

શ્રી પ્રજ્ઞેશ પટેલ ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. શ્રી કેશુભાઈ પટેલના સમર્થનમાં તે પ્રથમ હોદ્દેદાર છે જેણે હોદ્દો છોડી અને તેમને સમર્થન જાહેર કર્યુ હોય.

મળતી વિગતો પ્રમાણે શ્રી પ્રજ્ઞેશ પટેલના રાજીનામાનો પત્ર ભાજપની જિલ્લા નેતાગીરીને મળીગયો છે. આજે સાંજે આ રાજીનામાને પગલે શહેર અને જિલ્લા કાર્યકરોમાં ખાનગી ચર્ચાઓ થતી જોવા મળી હતી.

# ડીટુડીની કુલ ૧૪૦૦૦ સીટ માટે ૧૩મીથી ફોર્મ વિતરણ

## એસીપીસીની વેબસાઇટ ઉપરથી ફોર્મ : ૧૧મી ઓગસ્ટે બેઠકોની ફાળવણી થશે અને ૨૦મીથી સત્રની શરૂઆત

અમદાવાદ, તા.૯

એડમીશન કમિટી ફોર પ્રોફેશન કોર્સીસ દ્વારા ડીપ્લોમાંથી ડિગ્રી એન્જિ. (ડીટુડી) ની ૧૪૦૦૦ બેઠકો માટે આગામી ૧૩મી જુલાઈથી ફોર્મ વિતરણ કરવામાં આવશે. ચાલુ વર્ષે અંદાજે ૨૦ હજારથી વધુ ફોર્મ ભરાવવાની શકયતા છે. ડીટુડીના અભ્યાસક્રમોમાં ૨૦મી ઓગસ્ટથી એકેડમીક ટર્મની શરુઆત થશે. પ્રવેશ કમિટી દ્વારા ડીટુડીની ૧૪૦૦૦ બેઠકો માટેના પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૧૩થી ૨૩ જુલાઇ દરમિયાન કરાશે.વિદ્યાર્થીઓએ એસીપીસીની વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી પંજાબ નેશનલ બેંકના નિયત શાખામાં તા. ૧૬થી ૨૩મી જુલાઇ દરમિયાન રજિસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. આ સમયગાળા દરમિયાન ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા પણ હાથ ધરાશે. સમગ્ર કામગીરી સવાર ૧૧ થી બપોરના ૫ વાગ્યા દરમિયાન થશે. કમિટિ દ્વારા પ્રોવીઝનલ મેરીટ યાદી તા. ૩૦મી જુલાઈએ મૂકાશે. આ પછી કોલેજો અને બેઠકોની ફાઈનલ યાદી તા. ૨જી ઓગસ્ટે જાહેર કરાશે.ચોઈઝ ફિલિંગની તા. ૩ અને ૪ ઓગસ્ટ દરમિયાન અને તેનું પરિણામ તા. ૬ ઓગસ્ટે જાહેર થશે. ફાઈનલ ચોઈઝ ફિલીંગની પ્રક્રિયા તા. ૬ થી ૮ દરમિયાન યોજાશે. જ્યારે બેઠકો ફાળવણીની ફાઈનલ યાદી તા. ૧૧મી ઓગસ્ટ જાહેર કરાશે.

હેલ્પ સેન્ટર ખાતે ટ્યુશન ફી તેમજ ઓરીજીનલ ડોક્યમેન્ટ તા. ૧૩ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન સ્વીકારાશે અને તા. ૧૮મી ઓગસ્ટે ખાલી બેઠકોની યાદી જાહેર થશે. કોલેજોમાં તા. ૨૦મી ઓગસ્ટથી શૈક્ષણિક સત્રની શરુઆત થઈ જશે. કમિટી દ્વારા ખાલી બેઠકો માટે રિશફલીંગની પ્રક્રિયા તા. ૨૦મી ઓગસ્ટ કરાશે. અને તેનું પરિણામ તા. ૨૪મી ઓગસ્ટે જાહેર કરાશે. જેની ફી અને ઓરીજીનલ ડોક્યુમેન્ટ તા. ૨૫ થી ૨૮ દરમિયાન યોજાશે.

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વયનિવૃત્ત થતાં કર્મયોગીઓને નિવૃત્તિના દિવસે જ પેન્શનના તમામ લાભોના ચેક અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૯

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વયનિવૃત્ત થયેલાં કર્મયોગીઓને નિવૃત્તિના દિવસે જ પેન્શનના મળવાપાત્ર લાભોના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ વિભાગના અગ્ર સચિવ શ્રી સંજયપ્રસાદની સીધી સૂચના અનુસાર પેન્શનના આર્થિક લાભોનું ચૂકવણું કરવાનું આ પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ત્રણ કર્મયોગીઓ શ્રી એમ. એ. મુલતાની, શ્રી આર. પી. પટેલ અને શ્રી દિલીપ રાવલ તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ નિવૃત્ત થયા. આ ત્રણેય કર્મયોગીઓને પેન્શન અન્વયે મળવાપાત્ર આર્થિક લાભોના રૂા. ૨૫ લાખની રકમનો ચેક આજ દિવસે ચૂકવી દેવામાં આવ્યા હતા. આ પ્રેરણાદાયી ઉદાહરણ રાજ્યના અન્ય વહીવટી વિભાગો માટે પણ અનુકરણીય હોવાનું નિવૃત્ત થનાર ત્રણેય કર્મયોગીઓએ અતિ હર્ષ સાથે જણાવ્યું હતું. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્રસચિવ શ્રી સંજય પ્રસાદ સહિત અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હું તો ભગવાનનો લાખ લાખ પાડ માનું છું કે એમણે મને મારા જીવનની એક અમૂલ્ય ભેટ આપી છે - મારી દીકરી

**સંબંધ સજાવે જિંદગી**

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

‘હું પહેલાં એક દીકરી છું અને પછી એક મા. અને હું તો ભગવાનનો લાખ લાખ પાડ માનું છું કે એમણે મને મારા જીવનની એક અમૂલ્ય ભેટ આપી છે - મારી દીકરી.’

આ શબ્દો છે ગાંધીનગરના





સૅક્ટર-૨૪ નિવાસી લોપાબેન ડાભીના. એમના પતિ સ્નેહલકુમાર ડાભીની પણ દીકરી માટેની લાગણી આવી જ કંઈક છે. એ જણાવે છે, ‘દીકરી ન માત્ર બે ઘરને સાચવે છે પરંતુ બંને ઘરને ઉજાળે પણ છે. હું તો કહું છું કે દીકરી એ પુણ્ય જીવ છે જે સાસરિયામાં સમાનતા જાળવી રાખે છે અને પિયરના સંસ્કારોને પ્રશસ્તિ અપાવે છે.’

સ્નેહલભાઈનું મૂળ વતન ધંધૂકા અને લોપાબેનનું જન્મ સ્થળ ધ્રાંગધ્રા. સ્નેહલભાઈને નાનપણથી નાટકમાં ભાગ લેવાનો શોખ અને લોપાબેનને ગાયકીનો. કિશોરાવસ્થાથી જ એ ડાયરાના કાર્યક્રમમાં ગાયક તરીકે ભાગ લેતા. એ પછી તો હૉકીની રમતમાં પણ ભાગ લેતા થયા ને એમની ટીમ નૅશનલ ચૅમ્પિયન પણ બની. હાલ એ ઈવેન્ટ મૅનેજમૅન્ટનો સ્વતંત્ર વ્યવસાય કરી રહ્યા છે. સ્નેહલભાઈ પણ ઍનર્જી ફિલ્ડમાં સ્વતંત્ર વ્યવસાય કરી રહ્યા છે. બંનેનાં લગ્ન થયાં ૧૯૯૭માં.

બંનેના જીવનનું ધ્યેય એટલે એમની વ્હાલસોયી દીકરી આયુષી, જે હાલ જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરી રહી છે. માતા-પિતાનો વારસો એનામાં છે ને એ નાતે આયુષી ગરબા, નૃત્ય, નાટ્ય ને બૅડમિંટનની પણ શૉખીન છે. હાલ એ ગીટારવાદનની પણ તાલીમ લઈ રહી છે. એને વાચનનો પણ શોખ છે. તાજેતરમાં નહેરૂ યુવા કૅન્દ્રના ઉપક્રમે આયોજિત રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ચેન્નાઈ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી તેણે ગાંધીનગરનું નામ રૉશન કર્યું હતું.

કલાકાર અને સંવેદનશીલ એવી આ દીકરીનો જન્મ એ પોતાના પરિવારમાં ખુશીનો પ્રસંગ હતો એમ જણાવતાં ઉમેરે છે કે, ‘અમે તો લગ્ન કર્યાં ત્યારથી જ નક્કી કર્યું હતું કે દીકરા અને દીકરી એવો ભેદ નહીં જ રાખીએ. ઈશ્વરની મરજીથી જે સંતાન પ્રાપ્ત થાય એને ઈશ્વરનો પ્રસાદ સમજીને સ્વીકારીશું. અને થયું પણ એવું જ. ઈશ્વરે ખરેખર એના પ્રસાદ જેવી જ લાગણીશીલ દીકરી અમને આપી છે.’

પોતાની દીકરી કેટલી સંવેદનશીલ છે અથવા તો પોતે દીકરી પ્રત્યે કેટલા સંવેદનશીલ છે એ જણાવતાં સ્નેહલભાઈ જણાવે છે કે આયુષી ધોરણ-૪માં અભ્યાસ કરી રહી હતી ત્યારે એણે ‘સ્ત્રી ભ્રૂણ હત્યા’ વિષયે એક નાટકમાં અભિનય કર્યો હતો, જે જોઈને



પોતાની આંખોમાં આંસૂ આવી ગયા હતા અને પોતાની વ્હાલસોયી દીકરી પર અઢળક વ્હાલ ઊભરાઈ આવ્યું હતું. ઘરમાં એક દીકરી હોય તો અનુશાસન આપમેળે આવી જાય છે એવો એમનો મત છે.

આયુષીનાં માતા લોપાબેન પોતાના અનુભવના આધારે દીકરીઓના માતા-પિતાને સંદેશ આપે છે કે, ‘આજની દીકરી ક્યાંય પાછી પડે તેમ નથી. દીકરીને સારૂં શિક્ષણ આપી એ પોતે પગભર થઈ જીવી શકે તેવી રીતે તૈયાર કરવામાં આવે તો એ પણ દીકરાથી જરાય કમ નથી. ભવિષ્યમાં આ દીકરી જ માનું સ્વરૂપ લેશે અને એને આપણા તરફથી યોગ્ય તાલીમ અને સંસ્કારો મળ્યા હશે તો જ એ પોતાની ભાવિ પેઢીને તે આપી શકશે. દીકરી એ મા-બાપનું ગૌરવ છે ને હંમેશા રહેવાની છે.’

પોતાની દીકરી ભણીગણીને તબીબી વ્યવસાયમાં પોતાની કારકિર્દી બનાવે અને દીન-દુખીઓની સેવા કરે એવી એમની અભિલાષા છે. અલબત્ત, આયુષીને તો આદર્શ દીકરી બનવું છે. એવી આદર્શ દીકરી જે મમ્મી-પપ્પાનું સાંભળે, એમને સન્માન આપે અને ભવિષ્યમાં પોતાના કાર્યોથી એમને ગૌરવ અપાવે!

દીકરી - વ્હાલો દરિયો સ્તો!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૧.૪૫, ૭.૩૦
બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૫.૧૫

: સ્ક્રીન-૪ :
૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦
રાઉડી રાઠોડ : ૩.૦૦
મેક્ષીમમ(એ) : ૫.૩૦
બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦
ગૅન્સ ઓફ વાસેપુર : ૭.૩૦
તેરી મેરી કહાની : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૧.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦
બોલ બચ્ચન : ૯.૪૫

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૯.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બોલ બચ્ચન : ૧૦.૩૦
ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫
ગૅન્સ ઓફ વાસેપુર : ૪.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્દી) : ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય અધિકારી દ્વારા સરકારી કાર્યક્રમ

## આપની આજ

**મેષ** : આજે કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે. વેપારમાં રોકાણ માટે સમય સારો નથી.

**કર્ક** : વ્યાપાર- દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : નવાઆર્થિક સ્ત્રોત પર કાર્ય થઈ શકશે. વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી. બૌદ્ધિક હેરાનગતિ શકય.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી હાલ દુર રહો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : આજે વાગન સુખ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : આજે શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. નોકરીમાં બદલી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રાજેન્દ્રસિંહ ભારથુજી વાઘેલા (ઉ.વ. ૪૦) મુ.પો. લેહકાવાડા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કંકુબેનમૂળજીભાઈ મકવાણા (ઉ.વ. ૮૫) મુ.પો.બોરીજ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રકાશચંદ્ર મફતલાલ બારોટ (ઉ.વ. ૬૮) પ્લોટ નં. ૨૨૮/૧ સેકટર- ૪/એ, ગાંધીનગર.